Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ



ATMANAND PRAKASH


## મ...ન...ન

વર્ષાઋતુનો ઉદાર મેઘ મહાસાગરના પાણીમાંથી ક્ષાર કાઢી નાખે છે અને માત્ર નિર્મળ પાણી વરસાવે છે ! સજ્જનોનું પણ તેવું જ છે. તે કોઈ પણ વસ્તુ કે વ્યકિતના દુર્ગુણોને દૂર ફેંકી દે છે અને માત્ર ગુણો ગ્રહણ કરે છે ! પણ મેઘ અને સજ્જનો વચ્ચેનું સામ્ય આટલેથી અટકતું નથી. મેઘ સાગર પાસેથી કેટલી મોટી સંપત્તિ મેળવે છે, પણ તે પોતાને માટે નહિ, બીજા માટે ! પોતાની અમાપ જલસંપત્તિ તે તરસી થયેલી પૃથ્વી પર નિરપેક્ષ રીતે વરસાવે છે. એને કારણે જ પૃથ્વી પરનાં તમામ સચરાચરોને ‘ જીવન ’ મળે છે. મેઘનું અસીમ ઔદાર્ય જાણે કે નદી-નાળાંમાંથી એકધારું વહે જાય છે. વર્ષાઋતુમાં પોતાની પાસેની સર્વ સંપત્તિ લોકકલ્યાણાર્થે ચારે દિશામાં વાપરી શરદ ઋતુમાં સફેદ બનેલાં વાદળાં આપણને શું ત્યાગનો જ સંદેશો નથી આપી રહ્યા વારૂ ?

વિશાળ અંતઃકરણવાળા સજ્જનોનું પણ તેમ જ હોય છે. તે જે કંઇ મેળવે છે તે પોતાના એશઆરામ માટે નહિ. તે જ્ઞાન મેળવે કે ધન મેળવે, પણ તેનું નિરપેક્ષ બુદ્ધિથી દાન કરવામાં તેમને જેટલો આનંદ આવે છે તેટલો તેનો સંગ્રહ કરવામાં નથી આવતો. તે જે કંઇ મેળવે છે તે બીજાને આપવા માટે જ !


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

પુસ્તક ૫૯
અંક
૩

પોષ
સં. ૨૦૧૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | वेरं मज्झं न केणइ | | ૧ |
| ૨. | મધુર વચન બોલો ! | | ૨ |
| ૩. | ભય અને જય | (સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ) | ૩ |
| ૪. | શ્રમણ: એક વ્યાખ્યા | | |
| ૫. | મિત્રા દૃષ્ટિની સઝાય | ( સં. ડૉ. વલભદાસ નેણશીભાઈ ) | ૮ |
| ૬. | મધુકરી | | ૧૨ |
| ૭. | અમરઆત્મનિરીક્ષણ | (અમરચંદ માવજી શાહ) | ૧૪ |
| ૮. | શ્રી મદનમોહન માલવીય પરિચય | | ૧૬ |


## ખાસ નોંધ

હવેથી દર અંગ્રેજી મહીનાની સાતમી તારીખે 'શ્રી આત્માનંદ પ્રકાશ' પ્રસિદ્ધ થશે તેની દરેક સભ્યે અને ગ્રાહકે નોંધ લેવી.

પ્રકાશકો

## પૂજા ભણાવી

તપાગચ્છાધિપતિ સ્વ. પૂ. મૂળચંદજી ગણિવર્યની સ્વર્ગવાસ તિથિ અંગે આપણી સભા તરફથી માગસર વદી ૬ ગુરૂવારના રોજ અત્રેના શ્રી દાદા સાહેબ જિનમંદિરમાં સવારે ૧૦ કલાકે શ્રી આત્મ-વલ્લભકૃત પંચપરમેષ્ઠી પૂજા ભણાવી દેવગુરુ ભક્તિ કરી પુણ્યતિથિ ઉજવવામાં આવેલ તેમજ આંગી-રચના કરવામાં આવેલ. આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજ તથા અન્ય સાધુસાધ્વીજીઓ પધાર્યા હતા અને સભાસદ બંધુઓ તેમજ અન્ય સદ્‌ગૃહસ્થોએ સારા પ્રમાણમાં ભાગ લીધો હતો.

**મફત મંગાવો :**—શાંતિસ્નાત્ર માટેની જરૂરી ચીજોની છાપેલી યાદી પોસ્ટ ખર્ચના આઠ નયા પૈસાની ટીકીટ બીડવાથી મફત મોકલાશે.

**ઈન્દુલાલ મગનલાલ પાલેજવાળા** રાધનપુરી બજાર, **ભાવનગર-૧** (ગુજરાત રાજ્ય)

## સુધારો


ગયા અંકની અવસાન નોંધમાં નીચે પ્રમાણે શરતચૂકથી ભૂલો રહી ગઈ છે તે માટે અમો દિલગીર છીએ. વાંચકોને તે ભૂલો સુધારી લેવાની વિનંતિ છે.

૧. શ્રી વિઠ્ઠલદાસ જી. દોશીની સ્વર્ગવાસ તિથિ આસો વદી ૫ છે. આસો શુદિ ૧૩ છપાઈ છે તે ભૂલ છે.

૨. શ્રી મૂળચંદભાઈ શાહના બદલે નામ શ્રી મગનલાલ મૂળચંદભાઈ શાહ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૯મું ] પોષ તા. ૭-૧-૬૨ [ અંક ૩

# वेरं मज्झं न केणइ ।

अक्कोच्छि मं अवधि मं
अजिनि मं अहासि मे ।
येच मं उपनय्हन्ति
वेरं तेसं न सम्मति ॥

अक्कोच्छि मं अवधि मं
अजिनि मं अहासि मे ।
ये तं न उपनय्हन्ति
वेरं तेसूपसम्मति ॥

न हि वेरे न वेरानि
समन्ती ध कुदाचनं ।
अवेरेन च सम्मन्ति
एस धम्मो सनन्तनो ॥

धम्मपद.

મને ભાંડ્યો, મને માર્યો,
હરાવ્યો ને લુંટ્યો મને;
એમ જે હૃદયે રાખે,
તેનું વેર નહીં શમે.

મને ભાંડ્યો, મને માર્યો,
હરાવ્યો ને લુંટ્યો મને;
એમ જે ગાંઠ ના બાંધે,
તેનું વેર સદા શમે.

વેરથી વેરની કો દિ,
ઉપશાંતિ થતી નથી;
અવેરથી થતી શાંતિ,
એ છે ધર્મ સનાતન.

ધમ્મપદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મધુર વચન બોલો !

### હરિગીત

શુભ મિષ્ટ વાણી ગદનિવારિણી ઔષધી ગુણકારિણી
ક્ષણમાં નિવારી શત્રુભાવો પ્રેમ સુખ સંચારિણી
જગમાં ભલાઈ કીર્તિકારક વેર કટુ સંહારિણી
મિત્રો વધારી લોકપ્રિયતા આપતી સુખબોધિની ૧

એ દેવગુરૂ ભક્તિ પ્રબોધો જિનવચન સંવર્ધિની
માતા સમી વાત્સલ્યધારી પ્રબલ દુઃખ નિવારિણી
વાણી સદા સહુ મિષ્ઠ બોલો અમિત સુખ ગુણકારિણી
સ્હેજે તરો ભવસિંધુ તેથી એહ ભવદવ શામની ૨

વાણી કટુક ગુણહારિણી જે શસ્ત્રસમ વાગે અતિ
જે મિત્રતાનો ભંગ કરી ગંભીર વેર જગાવતી
જે કઇક ભવના સ્નેહવલ્લી અંકુરો બાળે બધા
નવનવિન વેરી કેઇ વધારે પાપકારણ હો તદા ૩

ગુરૂ વચનમાં શ્રદ્ધા ન એને બહુ બકે કડવી ગિરા
લડતા ઝગડતા પૂર્ણ કરતા આયુબંધન વાગુરા*
કડવા વચન ગમતા નથી એ કોઇને પણ દુઃખ કરે
પશુ પંખિઓ પણ કટુક વચને વેર નિજ મનમાં ધરે ૪

માટે સુજન સહુ બંધુભગિની ! મિષ્ટ વાણી ઉચ્ચરો
હિત મિત અને શુભ સત્ય વચને સર્વ જન મન વશ કરો
શુચિ બોલતા ખોવી પડે નહીં અર્થ વા વાણી નવી
બાલેન્દુ વિનવે સત્ય વાણી મિષ્ટ વચને બોલવી ૫

---

*જાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભય અને જય

( લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ. )

ભય અને જય એકસાથે રહી જ શકતા નથી. એ જગતનો નિત્યનો અનુભવ છે. ડરપોક માણસના હાથે કોઈ પણ વિશિષ્ઠ કોટિનું કાર્ય થવું એ અશક્ય વસ્તુ છે. જગતમાં કોઇપણ કાર્યક્ષેત્રમાં પ્રકાશ પાથરનારા અસાધારણ પુરુષો થઇ ગયા હોય તો તે પોતાનું બીકણપણું ફગાવી દેવા પછી જ યશસ્વી થયેલા છે. જેના મનમાં ભય હોય છે તે સતત દરેક પ્રસંગે ડરતો જ રહે છે અને આમ કરીશ તો મારૂં કેમ થશે ? અને અમુક જાતની અડચણો આવશે તો ત્યાં હું શું કરીશ ? એવી શંકાના વમળમાં એ ગોથાં જ ખાધાં કરે છે. એવાઓના હાથે સાહસ થાય જ નહીં. એટલે જય ક્યાંથી મળે ? **साहसे श्रीः प्रतिवसति ।** એટલે ભય છોડી જે પોતાનું અંતરંગ વીર્ય ફેરવી પરાક્રમ કરવા તૈયાર થાય છે તેને જ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. અહિંઆ લક્ષ્મીનો અર્થ ફક્ત દ્રવ્ય કે ધન એટલો જ અભિપ્રેત નથી. એમાં તો જ્ઞાન, અધિકાર, પરાક્રમ અગર વાસના ત્યાગ કે વૈરાગ્ય વિગેરે બાબતોમાં જે સિદ્ધિ મેળવવાની હોય છે એ બધી જાતની લક્ષ્મી કે સિદ્ધિ અથવા જયનો સમાવેશ થઇ જાય છે.

ઘણાં લોકોના મનમાં એવો એક ન્યૂનગંડ ઘર કરી બેઠેલો હોય છે કે, મારાથી આવું કામ થાય જ કેમ ? એ આપણું કામ નહીં. એવાં મોટાં અને સાહસનાં કામો તો કોઈ મહાન પુરુષો જ કરી શકે. આપણા જેવા સામાન્ય માણસોથી એવાં મોટાં કામો થાય જ શી રીતે ? આવા આવા માયકાંગલા વિચારો એવું ઘર કરી બેઠેલા હોય છે કે, તેઓ મોટુ સાહસ કરવા તૈયાર જ થતા નથી.

આપણે જગતમાં એવા દાખલાઓ પગલે પગલે જોઇએ છીએ કે, તદ્દન નિર્માલ્ય ગણાતા માણસો મહાન્ પરાક્રમી અને જગતની સ્તુતિને પાત્ર બનેલા છે. પોતાનું કુટુંબ પોષણ કરવામાં પણ જે અસમર્થ હતા અને આવતીકાલનું શું ? એવો પ્રશ્ન જેઓને ડરાવતો હતો તેવાઓ અત્યારે ધનપતિ થઇ બેઠેલા છે. અને તેઓ લાખોનું દાન પોતાના હાથે કરી કીર્તિપાત્ર થઇ ગએલા છે. કેટલાએક અક્ષરશત્રુ ગણાતા માણસો પોતાના અસાધારણ પરાક્રમથી ગ્રંથકાર બની અનેકોને જ્ઞાનદાન આપી પંડિત કે જ્ઞાનીઓનું માન ખાટી ગએલા છે. કેટલાએક દુર્વ્યસની લોકનિંદાને પાત્ર બનેલા માણસો શ્રેષ્ઠ ઉંચી કોટીના સાધુ બનેલા છે. રખડતા માનવો મોટો અધિકાર ભોગવે છે. મતલબ કે, ઘણા માણસો ભયનો ત્યાગ કરી કોઇપણ જાતનું પરાક્રમ કરે છે ત્યારે તેઓ અનાયાસે જય પ્રાપ્ત કરી જગતના આદરને પાત્ર થાય છે.

એથી વિરૂદ્ધ રીતે પ્રાપ્ત વૈભવ જે ટકાવી શકતા નથી અને તેમાં વૃદ્ધિ કરી શકતા નથી તેઓ પણ મોહમાયામાં લપટાઇ પોતામાં રહેલું વીર્ય, શૌર્ય, પરાક્રમ ભયગંડથી પ્રગટ કરી શકતા નથી. તેઓ બધું ગૌરવ ખોઇ પતનાવસ્થાને પ્રાપ્ત થાય છે. એમ થવાનું કાંઇ કારણ હોય તો તે એજ છે કે, તેઓ અહંભાવના વમળમાં સપડાઇ પોતાનું પરાક્રમ ફેરવવા માટે લાગતી નિર્ભય વૃત્તિ ખોઇબેસે છે. ત્યારે જ તેઓની આત્મવૃત્તિ તિરોહિત થઇ જાય છે માટે જ અમો કહીએ છીએ કે, જો તમારે યશ સાથે વિજય મેળવવો હોય તો નિર્ભયવૃત્તિ કેળવો. ભયગંડથી આપણે નજીક આવેલો જય ખોઈ બેસીએ છીએ, એ ભૂલવું નહીં જોઇએ.

આત્મામાં સુપ્ત રહેલી શક્તિ અનંતી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રકારો એ વસ્તુ પોકારી પોકારી વારંવાર કહેતા આવ્યા છે. જ્યારે એવી શક્તિઓ આપણી પાસે વિદ્યમાન હોય ત્યારે તેને પ્રગટ કરવા માટે આપણે કાંઈક પ્રયત્ન તો કરવો જ પડે. આપણે જો પહેલાથી હતબલ થવા જેવી વાતો કરી બેસી જ રહીએ અને આપણા હાથપગને કાંઇ જ હલનચલન નહીં આપીએ તો તે છુપાઈ રહેલી આપણી આત્મિક શક્તિઓ શી રીતે પ્રગટ થાય ? આપણે કોઇ ગામ જવું હોય ત્યારે તે ગામ જવાનો માર્ગ આપણે તેના જાણકાર પાસેથી જાણી લઇએ. અને તે માર્ગે જવાનાં સાધનો કયા કયા છે તે સમજી લેવાં જોઇએ. તેમ માર્ગમાં કેવા અવરોધો ઊભા છે તેની માહિતી મેળવી તેને ટાળવાના અને તેને પાર કરવાના ઉપાયો શોધી લેવા જોઇએ. અને છેવટ તે માર્ગે પગલાં ભરવાં જોઇએ. તો જ આપણે ધારેલા ગામે પહોંચી શકીએ. તેમાં પહેલાં તો ભય ફગાવી દેવો જ જોઇએ. અને એમ કરવાથી જ ઇષ્ટપ્રાપ્તિ થઈ શકે. એમ નહીં કરતા આપણે જો ' જો અને તો 'ના વમળમાં સપડાઈ જઇએ તો આપણે કોઈ પણ કાર્યમાં જયની આશા રાખો જ ન શકીએ.

એક સામાન્ય દૃષ્ટાંતથી આપણે પૂર્વોક્ત વસ્તુ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ. એક શ્રીમંત ગૃહસ્થને ત્યાં એમનો પુત્ર માંદો હતો. ડૉક્ટરને બોલાવી તેની ચિકિત્સા કરવામાં આવી. ડૉક્ટરે દવાની યોજના એક કાગળ ઉપર લખી આપી. અને દવા મંગાવી લેવા કહી ડૉક્ટર તો નિકળી ગયા. શેઠે એક નોકરને બોલાવ્યો. એના હાથમાં એક ખાલી બાટલી આપી પેલો દવાવાળો કાગળ આપતાં કહ્યું કે ડૉક્ટરના દવાખાનામાં જઈ દવા લઈ આવ. નોકરે પ્રશ્ન કર્યો કે ડાક્ટર તો ઘેરઘેર દરદીઓને તપાસવા જાય ત્યારે ડૉક્ટર ત્યાં ન મળે તો ? શેઠે સમજાવ્યું. "જા ડૉક્ટર હમણા મળશે. નહીં મળે તો ત્યાં થોડો થોભી જજે–પણ દવા લેતો આવજે." નોકરે ફરી પૂછ્યું, જો ડૉક્ટર દવા નહીં આપે તો ? શેઠે ફરી તાકીદ આપી કે, જા. દવા મળશે. શંકા કાઢતો બેસીશ નહીં. ત્યારે નોકરે પુછ્યું, રસ્તામાં ગાડીઓ મોટરની અવરજવર ખુબ હોય છે. ત્યારે દવા લાવતા જો બાટલી હાથમાંથી પડી ફુટી જાય તો ? શેઠ ગુસ્સે થયા અને તેને જણાવ્યું કે આમ શંકાઓ કાઢી તું શા માટે કટકટ કર્યા કરે છે ? જરા સાચવીને બાટલી લાવજે. હવે જા. નોકરે શંકા બતાવી કે દવા તો કડવી હોવાની, ત્યારે ભાઈ એ પીશે એની શી ખાત્રી ? છેવટ દવા ફેંકી દેવી પડશે તો ? શેઠ જરા ઉશ્કેરાઈ નોકરને બોલ્યા. મૂર્ખા આમ જુદી જુદી શંકા કાઢી તારે દવા લેવા જવાનું નથી શું ? નોકરે ધીમેથી પ્રશ્ન કર્યો શેઠ આપ ગુસ્સે શું કામ થાઓ છો ? દવા તો હું લેઈ આવીશ ! ભાઈ લેશે એ પણ સાચું હોય, પણ તેથી ભાઈનું દરદ સારૂ થઈ જશે એનો શું ભરોસો ? એ સાંભળતા શેઠે એના હાથમાંથી બાટલી છીનવી લીધી અને બીજા નોકરને એ કામ સોંપ્યું.

આ દૃષ્ટાંતમાં આપણને ઘણો બોધપાઠ મળી શકે તેમ છે. પેલા નોકરે અનેક જાતની શંકાઓ પેદા કરી કામ ટાળવાનો જ પ્રયત્ન કર્યો હતો. આપણે પણ કોઈ કાર્યનો પ્રારંભ કરતા આવી જ શંકાઓ કાઢતા હોઈએ તો આપણા હાથે કોઈ પણ કામ થાય જ શી રીતે ? ધર્મકાર્યમાં સંયમ કેળવવામાં અને જ્ઞાન મેળવવાના કામમાં પણ આવી જ ખોટી શંકાઓ આપણે કાઢતા રહીએ છીએ અને તેને લીધે જ આપણા હાથે કોઈ મૌલિક કાર્ય થઈ શકતું નથી. માટે આપણે કોઇપણ સારૂં કાર્ય કરવું હોય તો એમાં વિલંબ નહીં કરવો અને કાલ્પનિક ભીતિ આગળ ધરી કામ છોડી નહીં દેવું.

અત્યારસુધી જે તીર્થપતિઓ, રાજામહારાજાઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો, સંત મહાત્માઓ થઈ ગયા છે તેમના અનેક ભવોના ઇતિહાસોની નોંધ જ્ઞાની દ્રષ્ટાઓએ લખેલી આપણા જોવામાં આવે છે. આપણા જીવનમાં અને એમના જીવનોમાં કેટલુંએક સામ્ય પણ જોવામાં આવે છે. તેમણે પણ હીન ગણાતું જીવન ગુજાર્યું છે. એટલું જ નહીં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નર્ક લોકનું દીર્ઘ કટુજીવન પણ તેમણે ભોગવેલું છે. છતાં એમણે કેટલાએક જીવન પ્રસંગોમાં ભય છોડી આત્મશક્તિ ફોરવેલી જોવામાં આવે છે. અને એમ કરી પોતા ઉપર ચઢી ગએલા કર્મનાં આવરણો કાપી નાંખેલાં છે. અને એમ કરી પોતાના આત્માને શુદ્ધ ચૈતન્યમય કરેલો જોવામાં આવે છે. જ્યારે આપણા જેવા જ કર્મગ્રસિત તે આત્માઓ છુટકારો મેળવી શકે ત્યારે આપણે પણ ધારીએ તો તેવું કાર્ય કેમ નહીં કરી શકીએ તેનો આપણે આપણા મન સાથે વિચાર કરવો જોઈએ.

શુદ્ધ ચિન્મય આત્મા અને આપણામાં ભેદ કયાં છે? એ જોવાથી આપણને સ્પષ્ટ જોવામાં આવશે કે, આપણે ફક્ત આળસને વશ થઈ પોતાને હીન માનીએ છીએ; અને ખોટા કાલ્પનિક ભયથી મુંઝાઈએ છીએ; અને તેને લીધે કોઈ પણ જાતનું પરાક્રમ ફોરવી શકતા નથી. અને તેને લીધે આપણી ભવપરંપરા વધારતા રહીએ છીએ. નજીક લાગતી ભૂલો આપણે બેભાનપણે કરીએ છીએ અને તેના કડવાં ફળો ભોગવતા રહીએ છીએ.

આપણે જય મેળવવો હોય, આ જીવન યશસ્વી અને સુમધુર બનાવવું હોય તો આપણે આપણું ચારિત્ર્ય સુધારવું પડશે. દયા, ક્ષમા, શુભેચ્છા કેળવવી પડશે. પરહિત કરવું એ પોતાનું જ હિત છે એમ માની પરહિતપરાયણતા રાખવી પડશે. બીજાઓ આપણી સ્તુતિ કરે કે નિંદા, એ વસ્તુ આપણે ભૂલી પરોપકારવૃત્તિ ધારણ કરવી જ પડશે. આમ આત્માને અભિમુખવૃત્તિ ધારણ કરવા લગાડી ધીમે ધીમે આગળ વધવું જ પડશે. તો જ આપણે યશના ભાગી થઈ શકીશું.

શાસ્ત્રકારોને બધા જ જ્ઞાની કે અજ્ઞાની, સામાન્ય કે અસામાન્ય, બુદ્ધિશાળી કે બુદ્ધિહીન જીવો ઉપર સરખી જ મમતા હોવાથી બધાઓ માટે તેઓએ માફક આવે તેવા વ્રત અને આચારો ઉપદેશેલા છે. તેમાંના કોઈ પણ પોતાને અનુકૂલ આવે એવા વ્રતો નિયમો કે બંધનો સ્વેચ્છાએ સ્વીકારવાથી આપણે કાંઈ ને કાંઇ કરી શકીએ તેમ છીએ.

આપણે બધા સારી પેઠે જાણીએ છીએ કે, હાથી એ વિશાલકાય પ્રાણી છે. અને તેના પ્રમાણમાં સિંહ એક નાનું પ્રાણી ગણી શકાય તેમ છે. સિંહના અંગ ઉપર હાથી જો એક પગ મૂકે તો પણ હાથીના ફક્ત વજન માત્રથી સિંહ કચડાઈ મરી જાય. હાથી પોતાની સુંઢ વડે સિંહને હવામાં ઉછાળી પટકી મૂકે. એક દંતશૂળથી પણ સિંહના પ્રાણ હરણ કરી શકે. આટલું બળ હાથી પાસે હોવા છતાં હાથી સિંહથી ડરે છે. અને જોઈ દોડવા માંડે છે. એનું કારણ શું? કારણ એટલું જ છે કે, એના મનમાં ભય ભરાએલો છે. તેથી જ તે સિંહ સામે માથું ઉચકી શકતો નથી. તેથી ઉલટો સિંહ ગર્જના કરી નિર્ભય થઈ હાથીના ગંડ સ્થળ ઉપર આક્રમણ કરી હાથીને હતબલ કરી મૂકે છે. અને હાથી સામે જય મેળવે છે. એટલે જય મેળવવા માટે કાંઈ શર્ત હોય તો તે ભય છોડવો એ જ છે. ભય છોડ્યા વિના જયની આશા રાખી શકાય નહીં.

પ્રભુ મહાવીર ભગવંત બાલ્યકાળથી જ નિર્ભયવૃત્તિ કેળવી રહેલા હતા. તેમનું નામ તો વર્ધમાન હતું, પણ નિડરપણાને લીધે, મહાન સંકટ પ્રસંગે પણ તેઓ અચલ રહ્યા, અને આત્માનું વીર્ય તેમણે ફોરવી મહાવીર એવું સાર્થ બિરૂદ મેળવ્યું. એ એ તેથી જ જગદ્વંદ્ય બન્યા. એમાં મુખ્ય વસ્તુ જો કોઈ હોય તો તે ભયરહિતપણું એ જ છે. બાલ્યખેલમાં, મહાભિનિષ્ક્રમણમાં, ગોશાલકના પ્રસંગમાં, ચંડકૌશિકને સામા ચાલી જઈ તેનું કલ્યાણ કરવા માટે ભયગ્રસ્ત સ્થિતિમાં પણ તેને ઉપદેશ આપવામાં, મહાસાધ્વી ચંદનબાલાના પ્રસંગમાં ગોચરી મેળવવાની અશક્ય જેવી પ્રતિજ્ઞા ધારણ કરવામાં એ અસાધારણ ધૈર્ય પ્રભુએ બતાવ્યું તેથી જ તેઓ વીર અને અંતે મહાવીર થયા. એના મુખ્ય કારણમાં જે કાંઇ હોય તો તે ભયરહિતપણું એ જ તરી આવે છે. અને તેથી જ તેઓ વિજયશ્રીને પ્રાપ્ત કરી શકયા હતા. તો ભય છોડો ને કાર્ય કરવા માંડો. જય આપોઆપ આવી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણ એક વ્યાખ્યા

વૈદિક પરંપરાના સંન્યાસ અને ગૃહસ્થની જેમ જૈન પરંપરાના શ્રમણ તથા શ્રાવક શબ્દ અત્યંત પ્રચલિત છે. 'શ્રમણ' શબ્દમાં ભારતીય સંસ્કૃતિનો પ્રાચીન ઇતિહાસ છુપાયેલો છે. આ શબ્દનો પ્રયોગ, પંથ, સંપ્રદાય, દીન, મજહબ વગેરેની સંકુચિત દિવાલોને ઓળંગીને પોતાના શ્રમ–પ્રયત્નથી કોઈપણ લોક અભ્યુદયના મહાન લક્ષ્યને પ્રાપ્ત કરનાર પ્રત્યેક વ્યક્તિ માટે કરવામાં આવે છે.

શ્રમણ શબ્દ શ્રમ, સમ અને શમ અર્થાત્ પરિશ્રમ, સમતા અને શાંતિ એ ત્રિવેણી સંગમમાં આપણને સ્નાન કરાવી પવિત્ર બનાવે છે. શ્રમણ ક્યારેય પણ કામચોર બની શકતો નથી. પરિશ્રમ એના જીવનનું મહાન ધ્યેય હોય છે. તે સ્વયં બીજાનું કામ કરી આપે છે પણ પોતાનું કામ બીજા પાસે કરાવતો નથી. શ્રમ કર્યા સિવાય જો એ સમાજનું અન્ન ખાય છે તો તે પાપાત્મા બને છે.

શ્રમણનો લોકહિતકારી શ્રમ, સમત્વ–સમતાનુ કવચ પહેરી ગૌરવશાળી બને છે. સર્વ પ્રાણી અને સર્વ ધર્મો પ્રત્યે શ્રમણ સમભાવ રાખે છે અને સમન્વય એ જ એના જીવનનું મુખ્ય ધ્યેય છે. પોતાના ધર્મ પ્રત્યે માનદૃષ્ટિ રાખીને બીજા ધર્મની ઇર્ષ્યા કે નિંદા તે કરતો નથી પણ બીજા ધર્મોમાં જે કાંઇ પણ સત્ય હોય તેને અપનાવી લેવા તત્પર રહે છે. વિચારોના જગતમાં એનો સમન્વયવાદ એક મહાસાગર જેવો હોય છે, અને એકાંત આગ્રહ-વૃત્તિથી ઉત્પન્ન થયેલ એકપક્ષીય નદીઓ તેમાં વિલીન થઇ જાય છે. એકાંગી સિદ્ધાંતો સમન્વયાત્મક વૃત્તિ અપનાવી પવિત્ર અને મહાન બને છે. અને તેમાં કોઇ પણ પ્રકારનો દોષ રહેતો નથી.

શ્રમણનો ત્રીજો ગુણ છે શાંતિ. ક્ષમાવૃત્તિ તેની વિશેષતા છે. તે પ્રત્યેક સ્થિતિમાં સમુદ્રની જેમ આનંદિત રહે છે. પ્રાચીનકાળથી લઇને અર્વાચીન કાળ સુધી અક્ષુબ્ધ વૃત્તિથી કામ કરવાવાળા માનવો જ શાંતિ સ્થાપિત કરી શકયા છે. ક્રોધ એ આત્માનો વિકૃત ગુણ છે. ક્રોધાવસ્થામાં કોઇપણ પ્રકારની સાધના ન થઈ શકે. આજના યુગમાં અક્ષુબ્ધ વૃત્તિની ખાસ જરૂરિયાત છે. કોઇપણ મોટા દેશના નાયકદ્વારા ક્ષુબ્ધવૃત્તિથી ઉપાડેલું પગલું આખા વિશ્વનો સંહાર કરી શકે.

શ્રમણ શબ્દ પોતાના શ્રેષ્ઠ ગુણોની પાછળ એક મહાન ઐતિહાસિક પરંપરા ધરાવે છે. જૈન પરંપરા અનુસાર ઘણા પ્રાચીન કાળમાં ભગવાન ઋષભદેવ સૌ પ્રથમ મહાશ્રમણ થયા. જૈન ઇતિહાસની દૃષ્ટિએ આ કાળ એટલો પ્રાચીન છે કે એકદમ તેમાં વિશ્વાસ નથી આવતો. છતાં બ્રાહ્મણ પરંપરાના ભાગવત આદિ ગ્રંથોમાં ભગવાન ઋષભદેવનું જે વર્ણન છે તે ઘણેખરે અંશે જૈન પરંપરા સાથે સંગત છે. એમનું ગૃહસ્થ તથા સંન્યસ્તજીવન શ્રમણના વાસ્તવિક અર્થને ચરિતાર્થ કરે છે.

ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથનાં ઐતિહાસિક હોવાનાં અનેક સદ્ધર પ્રમાણો છે. એમનો ઉલ્લેખ જૈન આગમોની જેમ બૌદ્ધ ત્રિપિટકોમાં પણ છે. તેઓ ઇ. સ. પૂર્વે આઠમી સદીમાં વિદ્યમાન હતા. આ સમય પ્રાચીન ઉપનિષદોનો હતો. તે સમયે જ્યારે બ્રાહ્મણો પ્રાચીન વૈદિક, જટિલ અને બિભત્સ ક્રિયાકાંડોથી મુક્ત થઈને ઉપનિષદોની સ્વતંત્ર હવામાં શ્વાસ લઇ રહ્યા હતા, ત્યારે શ્રમણોના તીર્થંકર પાર્શ્વનાથ પ્રાણીમાત્રની સ્વતંત્રતાનો બોધ આપી રહ્યા હતા. બ્રાહ્મણ પરંપરાની જેમ શ્રમણ પરંપરા પણ વિસ્તૃત અને વિશાળ છે.

બધા જ શ્રમણોની દૃષ્ટિમાં માનવને પ્રથમ સ્થાન મળ્યું છે. તેઓએ સમય અને માનવહિતની દૃષ્ટિએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકભાષા અપનાવી છે. જે સમયે વિચારકો અને તત્ત્વચિંતકો પોતાના વિચારો સંસ્કૃતમાં પ્રદર્શિત કરતા હતા, તે સમયમાં પણ શ્રમણોએ લોકભાષા પ્રાકૃત અથવા પાલીને અપનાવી હતી અને પરિણામે તેઓ નીચી શ્રેણીના લોકોમાં પણ પોતાના વિચારો પ્રસારિત કરી શકયા હતા અને તેમને સન્માર્ગ દેખાડી શકયા હતા.

શ્રમણની બીજી વિશેષતા છે નિરંતર વિહાર અથવા ચંક્રમણશીલ જીવન. તે કોઈપણ સ્થળે સ્થાયી થઈને બેસી નથી શકતા. તે પોતાના વિહાર-કાળમાં અનેક સંતો અને સાધુઓને મળે છે. નવી નવી ભાષા શીખે છે. સમાજ અથવા રાષ્ટ્રને અવનત કરવાવાળી પરિસ્થિતિઓનું અધ્યયન કરે છે; બધા જ ધર્મો અને શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. અને સંતસમાગમ, સ્વાધ્યાય તથા લોકદર્શનના પરિણામ સ્વરૂપે શાશ્વત સાહિત્યની રચના કરે છે. આ સાહિત્યમાં ત્રિકાળ સત્ય રહેલું હોય છે અને તે કાળના સીમાડાઓ પાર કરી માનવ માત્ર માટે સમાનરૂપે હિતકારી નીવડે છે.

શ્રમણની ત્રીજી વિશેષતા છે વ્યક્તિનિરપેક્ષ પૂજ્યબુદ્ધિ. એ પંથ અથવા સંપ્રદાય સ્થાપિત કરવા-વાળા કોઈપણ વ્યક્તિના વિશેષ ગુણગાન ગાતો નથી. એ જે શબ્દોને અપનાવે છે તેમાં સંસારના લગભગ બધા જ મહાપુરુષોનો સમાવેશ થાય છે.

પૂર્વકાલીન બધા જ શ્રમણો વિચારસ્વતંત્ર્યમાં માનતા હતા, વર્ણવ્યવસ્થાના પ્રબળ વિરોધી હતા અને જ્ઞાતિવાદની કટુ આલોચના કરનારા હતા. તેમણે કોઈ ઈશ્વરકૃત અથવા અતિમાનવીય ગ્રંથને માન્યતા આપી નથી. પવિત્ર જીવન વ્યતીત કરતાં સત્યદૃષ્ટિદ્વારા ઉચ્ચારાયેલ વાણી જ તેમના શાસ્ત્ર-ગ્રંથો હતા. આ હતું પૂર્વકાલીન શ્રમણત્વ. આજનું શ્રમણત્વ આની સામે કેટલું ઊભી શકે છે તે જ એક પ્રશ્ન છે. આ પ્રશ્ન યોગ્ય ઉકેલની અપેક્ષા રાખે છે.

'શ્રમણ વર્ષ ૧૩, અંક ૨ માં આવેલા શ્રી મહેંદ્રકુમાર જૈનના હિંદી લેખનો સાભાર અનુવાદ. અનુવાદકઃ અધ્યા. શ્રી સુશીલાબેન હ ભટ્ટ એમ. એ.

# सुभाषित

विहाय पौरुषं यो हि दैवमेवावलम्बते।
प्रासाद सिंहवत्तस्य मूर्ध्नि तिष्ठन्ति वायसा:॥

પુરુષાર્થ તજી જેહ આલંબે માત્ર દૈવને;
મહેલના સિંહ શા તેને માથે બેસે છે કાગડા.

વિવરણ :- સિંહ એટલે ઝળહળતા વ્યક્તિત્વ ને અમોઘ શક્તિનું અનન્ય પ્રતીક. એવા સિંહની એ એક અત્યંત નામોશીભરી દશા, સુભાષિતકારે વર્ણવી છે. મહેલના પૂતળાના સિંહને જોઈને કોઈ બીતું નથી કે ખચકાતું નથી; નાનાં છોકરાં યે તેના મોઢા ઉપર હાથ ફેરવી શકે છે, અરે તેના માથા પરતો કાગડા સુદ્ધાં બેસે છે. જાજ્વલ્યમાન સિંહ સ્વરૂપનું આથી તે શરમજનક અધ:પતન બીજું કયું હોય? તે અધ:પતનનું કારણ સુભાષિતકારે જણાવ્યું છે તેમ પુરુષાર્થનો અભાવ છે. પુરુષાર્થની વિજયગાથા ગાતા આ સબળ સુભાષિતનું મનન કરતાં, દુર્દમ શક્તિસંપન્ન ગણાતા સિંહના બચ્ચાના યે દાંત ગણનાર સમર્થ માનવબાળ ભરતનું દૃષ્ટાંત તરત આંખ આગળ આવે છે. 'કુમાર'માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજયકૃત આઠ દૃષ્ટિની સઝાયો ભાવાર્થ સહિત

# મિત્રા દૃષ્ટિની સઝાય

સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ (મોરબી)

(૬) એહ પ્રસંગથી મેં કહ્યું,
પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે;
જીહાં મિત્રા ત્યાં બોધ જે,
તે તૃણ અગ્નિ સમ લહીએ રે. —વીર

**ભાવાર્થ** :—જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જે બોધ થાય તેને જાણવું કહે છે. અહીં મુખ્યતાએ **ભાવને ગ્રહણ કર્યો નથી.** પણ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી આત્મામાં સન્માર્ગ પામવાની સાચી રૂચિ–જીજ્ઞાસા અને અવ્યક્તપણે **શ્રદ્ધા ઉત્પન્ન થાય** તેને મિત્રાદૃષ્ટિ કહે છે.

આ દૃષ્ટિમાં મિથ્યાત્વ મોહનીયનો મંદ રસ, અને મંદ સ્થીતિ હોય છે. ગાઢ મિથ્યાત્વી જીવને એકે દૃષ્ટિ હોય નહીં તેથી અજ્ઞાનભાવે માનનારને જે **ઓઘદૃષ્ટિ** કહેલી છે તે યથાર્થ છે.

**વિશેષાર્થ** :—અનંત સંસાર પર્યટનના યોગે સંસાર પરિભ્રમણ કરતાં આ અનંત જીવોમાંથી કોઇક જીવ અવ્યક્તપણે પણ સત્પુરૂષ કે સત્સંગના પરિચયમાં આવીને યમ–નિયમ–દાન–પૂજાદિ સતક્રિયાઓ કરતાં પૌદ્‌ગલિક સુખોની **આસક્તિમાંથી મંદ થઇને** પરમાર્થમાર્ગ પામવાની અવ્યક્તપણે પણ ઝાંખી ભાવના ( મંદ જીજ્ઞાસા ) થવાથી અને ગાઢ મિથ્યાત્વ, તથા અનંતાનુબંધી કષાયના રસની મંદતા થવાથી મોહનીય કર્મની ૭૦ કો. કો. સા૦ની ઉત્કૃષ્ટ સ્થીતિમાંથી મંદ થઇને એક કો. કો સા૦ સુધીના યથા પ્રવૃતિકરણ સુધી આવે, અર્થાત્ અજ્ઞાનભાવપૂર્વક અવ્યક્તપણે જો **અસદ્‌ગુરૂની નિશ્રાએ** રહીને યમ–નિયમાદિકનું પાલન કરતાં છતાં પણ એક કો. કો. સા૦માંથી ૭૦ કો. કો. સા૦**સુધી** નિબીડ મોહનીય કર્મ બાંધીને **ગાઢ મિથ્યાત્વી** બને છે. અને અવ્યક્તપણે પણ જો **સદ્‌ગુરૂની** નિશ્રાએ રહીને યમ–નિયમાદિકનું પાલન કરે તો ૭૦ કો. કો. સા૦માંથી એક કો. કો. સા૦ની **અંદર આવીને મંદ મિથ્યાત્વી** બને છે યથા પ્રવૃતિકરણ સુધી આવેલા, આવા મંદ મિથ્યાત્વી જીવને શ્રી સદ્‌ગુરૂનો સમાગમ થવાથી તેમનો સદ્‌બોધ સાંભળવાથી સંસાર પરિભ્રમણનો ત્રાસ, વિષય કષાયની મંદતા, કરૂણા–સરલતા, તથા નમ્રતા, પરોપકાર, નૈતિક જીવન, સેવા અને ધર્મક્રિયા તરફ નિષ્કામ રૂચિ જાગવાથી સત્પુરૂષની આજ્ઞાએ સદ્‌સાધનોનું સેવન કરતાં **અંતરદૃષ્ટિ** જાગૃત થાય. પરમાર્થ માર્ગની સાચી ઓળખાણ, રૂચિ અને શ્રદ્ધા થવાથી **અપૂર્વ-કિરણ સન્મુખ** થાય, વા નજીક આવે તેવા અલ્પ-રૂચિ ભાવને મિત્રાદૃષ્ટિ કહે છે.

મિત્રા એટલે વિષય, કષાય અને મિથ્યાત્વના પ્રબલ ઉદયથી આત્માને ચાર ગતિના અનંત સંસારના પરિભ્રમણ કરાવવારૂપ જે શત્રુતા ( આત્મઘાતક્તા ) તેનાથી નિવૃત્ત થઇને સંસાર પરિભ્રમણથી મુક્ત થાય તેવા **સન્માર્ગની ઉપાસના કરવાની** સાચી ભાવના જાગૃત થવાથી જે આત્માનું **હિત** થાય તેમ વર્તવા રૂપ, જે **આત્માની મિત્રતા થાય.** તેને મિત્રાદૃષ્ટિ કહે છે. જ્યાં બોધ તૃણના અગ્નિ સમાન છે એટલે અવ્યક્તપણે અલ્પ પણ સાચી રૂચિ, સાચી ભાવના અને સાચી સમજણ હોય છે તેનેજ મિત્રાદૃષ્ટિ કહે છે—

(૭) વ્રત પણ ઇહાં યમ સંપજે,
ખેદ નહીં શુભ કાજે રે,
દ્વેષ નહીં વળી અવરસું,
એહ ગુણ અંગ બીરાજે રે. વીર૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—બાહ્યદૃષ્ટિ, મિથ્યાત્વભાવ, અસદ્‌ગુરૂની નિશ્રા અને સકામવૃત્તિ ( પૌદ્‌ગલિક સુખની ભાવના )થી કરેલ યમ—નિયમાદિ સાધનો પણ જીવાત્માને બંધનરૂપ થઈને સંસાર પરિભ્રમણ કરાવનાર જ થાય છે. જ્યારે અંતરદૃષ્ટિ, અંતર જીજ્ઞાસા, સદ્‌ગુરૂની આજ્ઞા, અને નિષ્કામ વૃત્તિથી સેવેલાં યમ—નિયમાદિ સાધનો સાધનરૂપ થાય છે; સંસારની ક્ષીણતા કરાવનાર થાય છે તેથી આત્માર્થી જીવને આ મિત્રા દૃષ્ટિમાં યમ ( અહિંસા—સત્ય—અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ) આ પાંચ યમની સાથે સદ્‌ગુરૂ, સદ્‌દેવ અને સદ્‌ધર્મની ઉપાસના કરવામાં જરા પણ ખેદ, અરૂચિ કે આળસ ન લાવતાં, ઉત્સાહ, સદ્‌ભાવના, અને શ્રદ્ધાથી સદ્‌સાધનોનું સેવન કરે છે. અર્થાત્ સદ્‌ગુણો તરફ પ્રવૃત્તિ અને સદ્‌ગુણો તરફ નિવૃત્તિ થાય છે.

(૮) યોગના બીજ ઇહાં ગ્રહે,
જીનવર શુદ્ધ પ્રણામો રે,
ભાવા ચાર જ સેવના,
ભવ ઉદ્વેગ સુઠામો રે. વીર૦

**ભાવાર્થ**—અહીં યોગ એટલે મન—વચન—કાયા અને તેનું બીજ એટલે કાર્મણ શરીર તેને **જીવાત્માએ અનાદિકાળથી** ગ્રહણ કરેલું છે તો પછી બીજું વળી કયું બીજ ગ્રહણ કરવાનું રહે છે? આનો ખુલાસો દર્શાવે છે :—યોગ એટલે યોગ્યતા, લાયકાત, પાત્રતા યથા પ્રવૃત્તિકરણમાંથી નીકળીને અપૂર્વકરણ નજીક આવવાની જે લાયકાત તેને યોગનું બીજ કહે છે, એટલે પરમાર્થ માર્ગ પામવાની જે પાત્રતા તે પ્રાપ્ત થવાથી જીનવર એટલે વીતરાગભાવ તે તરફ આદર કરે. નિષ્કામપણે પ્રભુ ભક્તિમાં ઉલ્લસિત ભાવે લીન થાય, તે **વ્યવહારાભાસની અશુદ્ધ ક્રિયાઓનો** ત્યાગ કરીને સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તવાથી, અને શુદ્ધ વ્યાવહારનો ઉપાસક થવાથી ભાવ આચારનો ( સદ્‌વ્યવહારનો ) સેવનાર બનીને સંસારભાવથી ઉદાસીન થઈને યોગ્ય સ્થાને સ્થિર થાય, અર્થાત્ પરમાર્થ માર્ગની નજીક આવે છે.

(૯) દ્રવ્ય અભિગ્રહ પામવા,
ઔષધ પ્રમુખને દાને રે;
આદર આગમ આસરી,
લિખનાદિક બહુ માને રે. વીર૦

**ભાવાર્થ—સમ્યકત્વપૂર્વક** જે વ્રત—નિયમ, અભિગ્રહાદિક આચારોનું સેવન થાય છે, તેને **ભાવાચાર** જ કહે છે. અને સાચી જીજ્ઞાસા પૂર્વક સદ્‌ગુરૂને **અંતરદૃષ્ટિથી** ઓળખીને તેમની આજ્ઞાપૂર્વક જે સદાચારોનું સેવન થાય. તેને **દ્રવ્યાચાર** જ કહે છે. તેવા અભિગ્રહાદિક આચારોનું પાલન કરે. પૂજ્ય મુનિમહારાજાદિને નિર્દોષ વસ્ત્ર, પાત્ર, ઔષધ, આહારાદિનું દાન કરે. પરમ જ્ઞાનીપ્રણીત ધર્મશાસ્ત્રોના આશ્રયે અનુસરીને શાસ્ત્રોની ઉપાસના કરે. લખાવે અથવા શાસ્ત્રોના રહસ્યને લિખ એટલે જાણે તેથી સન્માર્ગનો આરાધક બને છે.

(૧૦) લેખન, પૂજન આપવું,
શ્રુત વાચના ઉદ્‌ગ્રાહો રે;
ભાવ, વિસ્તાર સઝાયથી,
ચિંતન ભાવના ચાહો રે. વીર૦

**ભાવાર્થ**—સિદ્ધાંત લખવામાં, વા સિદ્ધાંતના રહસ્યને જાણવામાં તથા સદ્‌ગુરુ, સદ્‌દેવ અને સદ્‌ધર્મની પૂજા કરવામાં દ્રવ્યાદિ સામગ્રીનો સદ્‌વ્યય કરવામાં, પ્રયત્નશીલ બનીને સન્માર્ગ પ્રકાશક સિદ્ધાંતનો સદ્‌બોધ આપનાર સદ્‌ગુરૂનો ઉદ્‌ગ્રાહી બનવામાં ( સમાગમ સાધવામાં ) પ્રબલ ઉત્સાહી બને તેમજ વાંચના, પૃચ્છના, ચાયણા, પ્રતિચાયણા અને ધર્મકથારૂપ પાંચ પ્રકારે સ્વાધ્યાયમાં સ્થિર થાય. અથવા સ્વ એટલે આત્માના ધ્યાન અને ચિંતવનમાં સ્થિર થઇ જાય. અને તેથી ભાવવિસ્તારની વૃદ્ધિ કરે—અર્થાત પોતાના સત્સ્વરૂપનું ધ્યાન, ચિંતવન, ચાહના અને ભાવનાથી જાગૃત કરીને આત્માને વિશુદ્ધ બનાવીને પોતાના સ્વભાવમાં સ્થિરતા કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૧) બીજ કથા ભલી સાંભળી,
રોમાંચિત હુએ દેહ રે;
એહ અવંચક યોગથી,
લહિએ ધર્મ સનેહ રે. વીર૦

**ભાવાર્થ**—શમ, સંવેગ, અને સપ્રવૃત્તિરૂપ શ્રદ્ધા, નિસ્વાર્થ પરોપકાર, દુઃખી તરફ અનુકંપા, સદાચણનું સેવન, નૈતિક જીવન, આદાર્ય, ધૈર્ય, ગાંભિર્યાદિ સદગુણોયુક્ત બીજ કથા શ્રમણ કરીને, હર્ષાતૃષ્ટ યુક્ત પુલક્તિ દેહવાળો થાય અને પ્રશસ્ત બાહ્યાભ્યંતર સંયોગો મળવાથી સદ્અભ્યાસ કરવા કરાવવામાં, અવંચકપણું (નિર્માયીપણું) પ્રાપ્ત થાય.

બાહ્યદૃષ્ટિ, બહિરાત્મવૃત્તિ, માયા, પ્રપંચ, ક્રોધ, માન—માયા—લોભ—મતાગ્રહ તથા અજ્ઞાનાદિ દોષો સહિત જે ક્રિયાઓ કરવાથી આત્માને બંધન થાય, ચાર-(ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરવાનું થાય તેને વંચક (આત્માને ઠગવાની) ક્રિયા કહે છે અને જે ક્રિયાઓથી આત્માની નિર્મળતા તથા નિરાવરણતા થાય તેને અવંચક ક્રિયા કહે છે—આત્માને જાગૃત અને વિશુદ્ધ કરનારી આવી અવંચક ક્રિયાઓથી આત્મા પરમોત્કૃષ્ટ ધર્મસ્નેહી બનીને જીવનને કૃતાર્થ કરે છે.

(૧૨) સદ્‌ગુરૂ યોગે વંદન ક્રિયા,
તેહથી ફળ હોય જે હો રે;
યોગ ક્રિયા, ફળ ભેદથી,
ત્રિવિધ અવંચક એહો રે. –જીવ

**ભાવાર્થ** :—જેમ સધવા સ્ત્રીના વિવિધ શ્રૃંગારો સફલ તથા શોભાસ્પદ છે અને વિધવા સ્ત્રીના વિવિધ શ્રૃંગારો નિષ્ફળ અને હાસ્યાસ્પદ છે તેમ સદ્‌ગુરૂની આજ્ઞાપૂર્વક થતી વ્રત–નિયમ–વંદનાદિક ક્રિયાઓ કર્મબંધન અને સંસાર પરિભ્રમણથી મુક્ત કરાવીને પરમાર્થ માર્ગની પ્રાપ્તિ કરાવે છે. તેથી મનની નિર્મલતા થવાથી, તે યોગાવંચક (માનસિક પવિત્રતા) કહેવાય છે. તથા વચન અને કાયયોગને પણ પરમાર્થ સાધવામાં નિરવદ્યપણે પ્રવર્તાવે, અર્થાત્ સંયમી બનાવે તેને ક્રિયા અવંચકતા કહે છે. આ પ્રમાણે મન–વચન–કાયાના ત્રણે યોગને મિથ્યાત્વ–વિષય તથા કષાયાદિ દોષોથી નિવૃત્ત કરીને ત્રણે યોગની વિશુદ્ધ તથા સ્થિરતા કરવાથી પરમપદ (મોક્ષ)ની પ્રાપ્તિ થાય તેને ફૂલાવંચક કહે છે. આ ત્રણે પ્રકારની અવંચકતા (ત્રણે યોગની નિરાવરણતા) સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી જ થાય છે, અર્થાત્ આ ત્રણે અવંચકતા સાધુને હોય છે. એટલે **વેષધારી** કે **મહાવ્રતધારી** સાધુ તો મિથ્યાત્વી **વા અભવી** પણ હોઈ શકે છે પણ શ્રી. આચારાંગજી સૂત્રના કથન અનુસાર, જ્યાં સમ્યક્ત્વ (સ્વ. **સ્વરૂપની રમણતા**) હોય ત્યાં જ **મુનિપણું વા સાધુ** દશા છે.

(૧૩) ચાહે ચકોર તે ચંદ્રને,
મધુકર માલતી ભોગી રે;
તેમ ભવિ સહજ–ગુણે હોયે,
ઉત્તમ નિમિત સંયોગી રે...જીવ

**ભાવાર્થ** :—ચકોર પક્ષી જેમ ચંદ્રને ચાહે છે, અને ભોગી ભ્રમર જેમ માલતીના પુષ્પમાં સ્નેહમુગ્ધ બને છે તેમ જે જીવ સત્પુરૂષની શોધ કરીને તેને અંતરદૃષ્ટિથી વાસ્તવિક રીતે ઓળખીને અનન્ય ભક્તિ તથા અડગ શ્રદ્ધાથી તેની ઉપાસના કરનાર, સન્માર્ગનો સાચો પ્રેમી અને સંસારની વાસનાઓથી ઉદાસીન બનેલો જે ભવી આત્માર્થી હોય તે જ સદ્‌ગુરૂએ દર્શાવેલ ઉત્તમ સાધનોને સેવનાર હોય છે અને તેથી જ તે જીવાત્માને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ અવશ્ય થાય છે

સૌ સાધન બંધન થયાં,
રહ્યો ન કોઈ ઉપાય;
સત્સાધન સમજ્યો નહીં,
ત્યાં બંધન શું જાય.

સદ્‌ગુરૂની આજ્ઞાએ સેવેલાં સર્વ સાધનો સાધનરૂપ થાય છે.

(૧૪) એહ અવંચક યોગ તે,
પ્રગટે ચરમા વર્તે રે;
સાધુને સિદ્ધ દશા સમુ,
બીજનું ચિત પ્રવર્તે રે...વીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ** :—જ્યારે છેલું પુદ્ગલ પરાવર્તન બાકી હોય ત્યારે જ જીવને આવી ત્રિવિધ અવંચક યોગ સાધવાની સાચી જીજ્ઞાસા થાય છે અને તેથી સાધુ એટલે આત્મહિત સાધનાર મુમુક્ષુ આત્માનો જ્યારે મિત્રાદૃષ્ટિમાં વર્તતો હોય, ત્યારે બીજ એટલે સન્માર્ગ પામવાની લાયકાત, તેવા યોગનું બીજ પ્રાપ્ત થાય છે. અર્થાત્ કરૂણા, સેવા, પરોપકાર, ઔદાર્ય, સહિષ્ણુતા અને સરલતાદિ સદ્‌ગુણો પ્રાપ્ત કરવાને પ્રયત્નશીલ મન આ દૃષ્ટિમાં હોય છે જેથી પાત્રતા પામે છે.

(૧૫) કરણ અપૂર્વના નિકટથી,
જે પહેલું ગુણ ઠાણું રે;
મુખ્યપણે તે ઇહાં હોવે,
સુયશ વિલાસનું ટાણું રે. જીવ.

ભાવાર્થ : યથાપ્રવૃત્તિ કરણમાંથી પણ નીકળીને અપૂર્વકરણની નજીક આવવાથી; અનંતાનુબંધી કષાયોની–ઉપશમતા–મિથ્યાત્વ મોહનીયના રસબંધની મંદતા, વિષય ભાવની ઉદાસીનતા, સંસારમાં ઉદ્વેગપણું અને પરમાર્થ પામવાની નિરંતર ઝંખના થવાથી જીવ પહેલે ગુણઠાણે આવે છે. આવી દશા જ્યાં સુધી જીવ પામે નહીં ત્યાંસુધી જીવ મિથ્યાત્વ ગુણસ્થાનકે નથી પણ **મિથ્યાત્વ ભૂમિકામાં છે.** જ્યારે જીવને સન્માર્ગ પામવાના આંતરિક ગુણો પ્રગટ થાય ત્યારે જ તે જીવ મિથ્યાત્વ ગુણસ્થાનકે આવ્યો છે એમ કહી શકાય. ત્યાંસુધી મિથ્યાત્વ ભૂમિકામાં જ રહેલો છે.

અપૂર્વકરણની નજીક આવવાની આવી અપૂર્વ દશા બહુ પુદ્ગલ પરાવર્તન કરનાર, અભવી, દુર્ભવી, શઠ, માયી, ગાઢ મિથ્યાત્વી, તીવ્ર કષાયી, હઠાગ્રહી, મતાગ્રહી, કદાગ્રહી, અભિનિવેશી, તીવ્ર વિષયાંધ, સન્માર્ગ દ્વેષી તથા સદ્‌ગુરૂ, સદ્દેવ અને સદ્ધર્મનો દ્રોહ કરનાર દુર્ભાગી આત્માને આ **મિત્રા દૃષ્ટિ હોય જ નહીં** પણ ઉપર જણાવેલા આત્મઘાતી દોષોથી મુક્ત થઇને સન્માર્ગનો આરાધક હોય તેવા આત્માર્થી જીવને જ મિત્રાદૃષ્ટિ હોય છે અને આ દૃષ્ટિ મેળવીને સુયશ (પાત્રતા)ને મેળવવાને સદ્‌ભાગ્યશાળી બને છે.

ક્રમશઃ

---

# દરિદ્રતા

दग्धं खाण्डवमर्जुनेन बलिना दिव्यैर्द्रुमैः सेवितः
दग्धा वायुसुतेन रावणपुरी लंका पुनः स्वर्णभूः।
दग्धः पञ्चशरः पिनाकपतिना तेनाप्ययुक्तकृतं
दारिद्र्यं जनतापकारकमिदं केनापि दग्धं नहि॥

બળવાન અર્જુને દિવ્ય વૃક્ષોથી ભરેલું પાંડવવન બાળી નાખ્યું, વાયુપુત્ર હનુમાને રાવણની સ્વર્ણ પુરી લંકા બાળી નાખી અને પિનાકપાણી શંકરે કામદેવને બાળી નાખ્યા એમાં કોઇએ કંઈ સારું કર્યું નથી. બાળી નાખવા યોગ્ય તો જનોને સંતાપ આપનારી આ ગરીબાઈ–દારિદ્ર છે. પણ એ ગરીબાઇને તો કોઇએ પણ બાળી નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મધુકરી

## (૧)
## માનવતા

આપણને સાંપડેલું માનવજીવન ઘણી તપસ્યા પછી મળતું હોય છે એમ સૌ માને છે. ભવિષ્યમાં આ માનવજીવન ફરીથી મળશે કે નહિ તેની કોઇ ખાત્રી નથી. આવા સંજોગોમાં આપણને મળેલું માનવજીવન સુંદર રીતે જીવવાની કળા આપણે મેળવી લેવી જોઇએ.

તે માટે સૌ પ્રથમ તો આપણે એ જાણવું જોઇએ કે ઇન્સાન અને હેવાનમાં શો ફરક છે અને હોવો જોઇએ. આ ફરક નહિ સમજનારા કેટલાક લોકો માનવીના લેબાસમાં હોવા છતાં હેવાન કરતાંય બૂરી રીતે જીવતા હોય છે, એ આપણે જાણીએ છીએ. આવો, આપણે આપણી જાતને એક સવાલ પૂછીએ, આપણી જાતને આપણે ઇન્સાન કહેવડાવીએ છીએ, પરંતુ આપણામાં ખરેખર ઇન્સાનિયત છે ખરી? જો હોય તો કેટલા પ્રમાણમાં છે?

આ સવાલનો જવાબ મેળવવા માટે, આપણે ઇન્સાનિયતનું મુખ્ય લક્ષણ કયું હોઇ શકે એ તપાસવું પડશે.

મારી દૃષ્ટિએ તો, માણસાઇનું મુખ્ય લક્ષણ સહિષ્ણુતા છે. માનવી સહિષ્ણુ થઇ શકશે, હેવાન કે પશુ સહિષ્ણુ નહિ બની શકે.

માનવીમાં જો માણસાઇ હશે તો, એ એમ વિચાર કરશે કે, હું ખાઉં તે પહેલાં મારાં બાળ બચ્ચાંને ખવડાવું, મારી આડોશપાડોશનાં બાળકો ભૂખ્યાં છે કે તેમને માટે ભોજનની વ્યવસ્થા થઇ છે તેની પણ સાથે સાથે તપાસ કરું.

માનવતાવાદી માનવીને પોતાની આડોશપડોશનાં, ગામનાં, જિલ્લાનાં, પ્રાંતનાં, અને દેશનાં માનવ-ભાંડુંઓને માટે ખોરાક પાણી અને કપડાંનો પૂરો બંદોબસ્ત ન થાય ત્યાં સુધી ખાવાનું પણ ભાવતું નથી.

આ દૃષ્ટિએ મહાત્મા ગાંધી સર્વશ્રેષ્ઠ માનવ હતા. કારણકે અનેકવિધ તકલીફો વેઠીને, ત્યાગ કરીને, તપસ્યા કરીને, સહન કરીને ભારતવાસીના સુખ માટે એમણે આઝાદી મેળવી. એ આશા એ કે મારો ભારતવાસી એનાં બાળબચ્ચાં અને કુટુંબ-પરિવાર સાથે સદૈવ સુખી અને ખુશી રહે.

મહાત્મા ગાંધીજીએ આ માટે કેટકેટલું સહન કર્યું હતું? વખત આવ્યો ત્યારે સમસ્ત જીવન હોડમાં મૂકી દેતા પણ એમણે જરા સરખો વિચાર નહોતો કર્યો. આઝાદી આવ્યા પછી પોતાને ભારતવાસી માનવાને બદલે હિન્દુ અગર મુસલમાન માનનારા લોકો જ્યારે એકબીજાનું ગળું કાપવા તૈયાર થયા ત્યારે હજારોની કતલ જોઇને એ સર્વશ્રેષ્ઠ માનવનું કાળજું કપાઇ ગયું હતું, અને તેથી જ જાનનાં જોખમોનો સામનો કરીને, અનેકવિધ ગાળોના વરસતા વરસાદમાં બંગાળ અને બિહારની પદયાત્રા આદરી. કારણ માત્ર એટલું જ હતું કે સહન કરીને એમને ઇન્સાન બનવું હતું અને અન્યને ઇન્સાન બનાવવા હતા.

એમની એક જ ઝંખના હતી, માનવ ઇન્સાન બને અને બીજા ઇન્સાન માટે આત્મભોગ આપીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇન્સાનિયતને આબાદ કરે, એટલે મારી નજરે તો સહિષ્ણુતા જ માણસાઇનો માપદંડ છે.

આપણે આ સહિષ્ણુતાને સમજવી જોઇશે, સહિષ્ણુતા એટલે આપણે ગમે તે ધર્મના હોઇએ, ગમે તે મતમાં માનતા હોઇએ, પરંતુ વ્યવહારમાં તો પ્રત્યેક માનવ સાથે ભાઇચારાથી વર્તીએ અને અહંકાર તજીને એની સેવા કરીએ. પારકાના સુખ માટે સહન કરવામાં જ માનવતા સમાઇ છે.

*જનકલ્યાણ*, અંક ૧૧ પૃ. ૯૪૫

**મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી**

(૨)

## જેવાની સાથે તેવા

"તલવારની સામે તલવાર જ જોઇએ. એ સિવાય ન ચાલે." એવો આપણામાંના અનેકને વહેમ પેસી ગયો છે. પરંતુ આપણા પૂર્વજો, જેઓ યુદ્ધના પાકા અનુભવીઓ હતા, તેઓ તો આપણા આ વહેમ ઉપર ખૂબ હસતા હશે. તેઓ જાણતા હતા કે "તલવારની સામે તલવાર ન હોય, પણ ઢાલ હોય."

આજે આપણે "જેવાની સાથે તેવા" થવાની વાત કરીએ છીએ, પણ તેનો અર્થ ભાગ્યે જ સમજતા હઇશું. "જેવાની સાથે તેવા"નો અર્થ એટલો જ કે દુશ્મનની તલવાર જેટલી મજબૂત, તેટલી જ આપણી ઢાલ પણ મજબૂત હોવી જોઇએ. તલવારની સામે તલવાર ઉપાડવી એ મૂર્ખાઇ છે. તલવારની સામે તો ઢાલ જ લડે. તલવારવાળા કરતાં ઢાલવાળાનું બળ જો ઓછું હોય તો કામ ન આવે. દુશ્મનના પડકારમાં જો પાંચ શેર ગુસ્સો ભર્યો હોય તો આપણા જવાબમાં પાંચ શેરથી ઓછો પ્રેમ તો ન જ હોવો ઘટે.

શિક્ષકને વિદ્યાર્થીના અજ્ઞાન સાથે હંમેશા લડવું પડે છે. હવે શિક્ષક જો "જેવા સાથે તેવા" થવાની ગાંઠ વાળે તો એ બન્નેની શી દશા થાય? વિદ્યાર્થી કંઇક પૂછવા આવે તો શિક્ષક શું એમ કહે કે તું આટલી સીધી સાદી વાત નથી સમજતો તો હું શા સારૂ સમજાવું? હું તારા સવાલનો જવાબ નહિ આપું, તું મૂર્ખ છે તો હું પણ તારા કરતાં બેવડો બેવકુફ બનીશ.

વસ્તુતઃ વિદ્યાર્થી અજ્ઞાન હોય છે તેથી જ શિક્ષકને શિરે શાંતિથી સમજાવવાની જવાબદારી આવી પડે છે. અજ્ઞાનની સામે જ્ઞાનથી જ લડાય. 'જેવાની સાથે તેવા' થવું, તેનો અર્થ એટલો જ કે બન્ને સમોવડીઆ યા બરાબર સરખા હોવા જોઇએ. સામા માણસમાં જેટલું અજ્ઞાન ભર્યું હોય તેટલું જ આપણામાં જ્ઞાન ભરેલું હોવું જોઇએ, અને એટલા જ માટે એકડીઆના વર્ગમાં ભણાવનાર શિક્ષક સૌથી વધારે કુશળ અને જ્ઞાની જોઇએ. પુરાણોમાં પણ આટલી વાત તો આપણે સાંભળીએ છીએ કે યુદ્ધમાં જ્યારે એક પાસથી મેઘાસ્ત્ર ફેંકાતું ત્યારે બીજી બાજુથી પવનાસ્ત્ર જ આવતું. મેઘના મોટા ઢગલાનું પીગળાવીને પાણી કરવાને બદલે, એક ઢગ ઉપર બીજો ઢગ ખડો કરે તો શી દશા થાય? અજ્ઞાનીના કપાળ સાથે તે અજ્ઞાન અફાળવાનું હોય કે જ્ઞાનથી અજ્ઞાન દૂર કરવાનું હોય?

જેને વ્યવહારનો સ્હેજસાજ પણ અનુભવ છે તે આવી બાબતમાં ભૂલ ન કરે, પાણી શોષી લેવા માટે તો તાપ જ જોઇએ, અંધારૂં અજવાળવા માટે તો દીવો જ જોઇએ, આ વાત કોણ નથી જાણતું? અને એ વાત જો સમજાતી હોય તો પછી ક્રોધને પ્રેમથી જીતવો, બુરાઇને ભલાઇથી જીતવી, કંજુસાઇને ઉદારતાથી જીતવી, ખોટાને ખરાથી જીતવું, એવાં એવાં સંત વચનો કેમ ન સમજાય? આ ચોકખી વ્યવહારની વાત છે. આપણે જરા ઊંડા ઉતરી વિચાર કરતા નથી તેથી જ એવી વાતો સમજાયા વિનાની રહી જાય છે. વિચાર કરવાની ટેવ પાડીએ તો બધી વાત બરાબર સમજાય.

*યુગધર્મ*, પુ. ૪ અં. ૬ પૃ. ૪૬૯

**વિનોબા ભાવે**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩)

## અબૂ મોર્ત્તાશ

ઇસ્લામ પણ એક મહાન ધર્મ છે અને તેમાં પણ કેટલાક ઉદારચરિત સંતો અને મહાત્માઓ થઈ ગયા છે. તેમાં અબૂ મોર્ત્તાશ પોતાના પ્રેમ અને વૈરાગ્ય માટે પ્રખ્યાત છે. પોતાની તીર્થયાત્રાઓના સંબંધમાં તેઓ લખે છે કે " મેં લગભગ તેર વર્ષ પર્યંત લાગલાગટ તીર્થયાત્રાઓ કરી, પરંતુ વિચાર કરતાં મને લાગ્યું કે એ સઘળું તીર્થભ્રમણ કેવળ સાંસારિક ભાવે જ થયું હતું. કારણકે એક વખત જ્યારે મારી માતાએ મારી પાસે પાણીનો લોટો માગ્યો ત્યારે મને એ ફરજ બજાવતાં જરા કંટાળો આવ્યો. તે પરથી મારી ખાત્રી થઈ કે મારૂં તીર્થભ્રમણ કેવળ સાંસારિક ભાવે જ થયું છે; તેનાથી જીવનની કોઈ પ્રકારે ઉન્નતિ નથી થઈ."

મોર્ત્તાશને કોઈએ કહ્યું કે " અમુક એક માણસ પાણી ઉપર પગે ચાલીને તરી જાય છે, તેમજ આકાશમાં પણ પંખીની જેમ ઉડી શકે છે." મોર્ત્તાશે તેના જવાબમાં જણાવ્યું કે " મારે મન એ બહુ મહત્ત્વની વસ્તુ નથી. જે સાધક પોતાની ઇંદ્રિયોને પોતાના કાબુમાં રાખી શકે તે જળવિહારી અને આકાશવિહારી કરતાં શ્રેષ્ઠ છે."

યુગધર્મ પુ ૪ અં. ૨ પૃ. ૯૯ સુશીલ

# અમર આત્મ નિરીક્ષણ

નિરીક્ષક - **અમરચંદ માવજી શાહ**

જે વિકલ્પ વિકારને વૃત્તિઓનો જય કરીને જિન વિતરાગ પુરૂષ ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી સ્વ સ્વરૂપમાં સ્થીર થયા તે પરમ યોગીંદ્ર, પરમાત્મા શ્રી પાર્શ્વનાથ ભગવાનને મારા અંતરનાં આંગણે હૃદયનાં સિંહાસને અષ્ટદળ કમળ ઉપર બિરાજમાન કરી, તેમને આત્મભાવે વંદના કરી, તેમનાં શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વરૂપનું ધ્યાન કરી, હું અજર અમર અને શાશ્વત આત્મા મારા પોતાનાં અપરાધથી સંસારનાં બંધનમાં આધિ વ્યાધિ ને ઉપાધીમાં સપડાયેલો દુઃખ દોષને પાપથી ભરેલો હું જન્મ–જરા મરણને આધીન થયેલો મારા સ્વઆત્માની શુદ્ધિ કરવા માટે મારૂં આત્મ નિરીક્ષણ કરૂં છું.

હે વિતરાગ! પરમાત્મા આપનાં નામ સ્મરણથી આપનાં મહા પ્રભાવથી મારી દુષ્ટ વૃત્તિઓ દુષ્ટ વિકારો, દુષ્ટ વાસનાઓ, દુષ્ટ વિકલ્પોનું શમન થાઓ અને સદ્‌વૃત્તિઓનું ઉગમન થઓ. મારા હૃદયસિંહાસનમાં બિરાજમાન પરમાત્મા મારા આત્મામાં જે પૂર્વસંચીત કર્મોથી, અંધકાર ફેલાયો છે તે આપની જ્ઞાનજ્યોતિનાં પ્રકાશથી નષ્ટ થાઓ. મારૂં અજ્ઞાન મિથ્યાત્વ અને અસંયમ નાશ પામો. મારા અંતરાત્મામાં સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર જે મારૂં સ્વભાવિક સ્વરૂપ છે તે પ્રગટ થાઓ. આપે સેવેલા અહિંસા–સંયમને તપનાં સાધનો વડે હું આત્મશુદ્ધિ કરૂં.

હે પરમાત્મા! વણનોતર્યા વિકલ્પો મારા ચિત્તગૃહમાં સ્વયં પ્રવેશ કરી મારા શુદ્ધ આત્માને મલીન કરી રહ્યા છે. મારી અજ્ઞાનતાથી પરાધિનતા થઈ છે. આ વિકલ્પોથી મને આપનું વિસ્મરણ કરાવી આર્ત્ત અને રૌદ્ર ધ્યાન કરાવી મારી અધોગતી કરી રહ્યા છે. આપનાં ધર્મ અને શુક્લ ધ્યાનથી હું વંચિત રહું છું. અને એ દુર્ધ્યાનનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્તોથી મારો આત્મા સમયે સમયે ભાવકર્મનાં નિમિત્તોથી દ્રવ્યકર્મો સ્વયં પરીણમી બંધાયા કરે છે.

આ બંધભાવથી જ આ સંસાર અને આ બધી ઉપાધીમાં મારે સપડાવું પડે છે. આપનું સમાધી સુખ પ્રાપ્ત કરવા માટે હું આપના આશ્રયે આપની સેવા સ્વિકારૂં છું.

હે જિનેશ્વર ! પુદ્‌ગલીક વિકારોનું એવું પરિબળ છે કે. મારા મન–વચન કાયાનાં યોગો તેને આધિન થઈ જાય છે, એ વિકારોને તૃપ્ત કરવા માટે હું ઝાંઝવાનાં જળ જેમ દોડધામ કરૂં છું. પણ તે તૃપ્ત થતાં જ નથી. જેમ જેમ તૃપ્ત કરૂં તેમ તેમ તેનો અસંતોષ વધતો રહે છે. પૂર્વે વાસનાથી પરિણમાવેલ વિકારો નિમિત્ત મળતાં જાગ્રત થઈ જાય છે. મારૂં મિથ્યાત્વ ને અજ્ઞાન તેમાં જવાબદાર છે. હું તેમાં અજ્ઞાનભાવે પરિણમી તૃપ્તિનો ભ્રામક અનુભવ કરૂં છું અને વાસ્તવિક તૃપ્તિ થતી નથી. પરિણામે ખેદ અને સંતાપ જ થાય છે. આપ તો તૃપ્તિનો અખંડ આનંદ અનુભવો છો.

આ વિકલ્પો અને વિકારો અનાદિ વાસનાથી છે. એ વાસનાનો ક્ષય કરવા માટે જ મારે પુરૂપાર્થ કરવાનો છે. મોહ અને આસક્તિમાંથી વાસના જન્મે છે. આસક્તિ અજ્ઞાનમાંથી જન્મે છે. અજ્ઞાન અનાદિથી છે. મને મારા પોતા સંબંધીનું જ્ઞાન ક્યારેય પણ મળ્યું નથી. હવે આપનાં શાસનથી આપના દર્શનથી મને સ્વ-પરનું વિવેકજ્ઞાન પ્રગટશે. જડ–ચેતનની ભિન્નતા દેહાદીક પરપદાર્થોથી આત્મપદાર્થની ભિન્નતા સમજાશે. અને હું આપના જ પરમાત્મ સ્વરૂપમાં લીન રહી આપનાં શુદ્ધ સ્વરૂપનું ધ્યાન સ્મરણ કરી મારા શુદ્ધ નિર્મળ સ્વરૂપને પ્રાપ્ત કરીશ.

ચારિત્ર મોહિનીયના પ્રબળ ઉદયથી દૃષ્ટ પદાર્થોનાં સંયોગથી દૃષ્ટિમાં વિકાર વાસના થઈ જાય છે. ચિત્તની વૃત્તિઓ ત્યાં ખેંચાઈ જાય છે. દર્શન મોહિનીયનાં ક્ષયોપશમથી એ દુષ્ટ વૃત્તિઓને હઠાવવા માટે પ્રયત્ન કરૂં છું. તેમાં ઘણીવાર સફળતા મળે છે. અને એ સફળતાનો આનંદ ક્યારેક અગમ્ય અનુભવાય છે. દૃષ્ટિનો ધર્મ જોવાનો છે. પરંતુ દૃષ્ટિમાં જો વિકાર રાગદ્વેષ ન હોય તો જોવા માત્રથી મને બંધ થતો નથી. જાણવા માત્રથી હું બંધાતો નથી. જાણવું અને જોવું એ તો મારા આત્માનો અબાધિત અધિકાર ધર્મ છે. પરંતુ તેમાં જે મોહ રાગદ્વેષ થાય છે તે આપની વિતરાગ મુદ્રાથી દૂર કરૂં.

રજસ ને તમસ પ્રકૃતીઓ નિમિત્ત મળતાં તુરત જ ઉશ્કેરાઈ જાય છે. સમતા ને સ્થીરતા ટકી શકતી નથી. આ નિર્બળતા કેમ દૂર કરવી ? ઉપશમમાં રહેવા માટે શું કરવું ? ક્રોધ થઇ જાય, અભિમાન આવી જાય, માયા કપટ થાય, લોભ થઈ જાય અને ભાન ભૂલાઈ જાય. આ ચાર કષાયો પાંચ ઇન્દ્રિયનાં વિષયમાં અનુરોધ થતાં કે આસક્તિ થતાં આત્મઘાતક બની જાય અને અનંત કર્મનાં આવરણો આત્માની આસપાસ વીંટળાઇ જાય. સમયે સમયે અનંત કર્મપુદ્‌ગલ વર્ગણાઓ આત્માનું નિમિત્ત પામી સ્વયં પરિણામી જાય એમાંથી બચવા આપનું આલંબન શ્રેયસ્કર છે.

આપનાં ચિત્તપ્રદેશમાં દૃષ્ટિ સ્થિર કરી તેમાં જ સંયમપૂર્વક ધ્યાન ધારણા કરી સમાધિસ્થ થવા સિવાય બીજો કોઇ કારગત ઉપાય નથી. આપનાં શુદ્ધ નિરંજન ચૈતન્ય સ્વરૂપ ચિત્તપ્રદેશમાં મારા ચિત્તનું ધ્યાન અખંડપણે ચાલુ રહે, સંસારની આધિ–વ્યાધિ–ઉપાધી વચ્ચે પણ આપનું અખંડ સ્મરણ-ચીંતન રહે. ઉપયોગ ઉપયોગમાં જોડાઇ રહે તેવી ચીત્તની અવસ્થા સહજ સ્વાભાવીક થાય તેવી મારી ભાવના છે. આ ભાવના ભાવનામાં જ રહી જાય છે. કર્તવ્યમાં મુકવા જતાં અનેક વિકલ્પ–સંકલ્પથી ચિત્ત ઘેરાઇ જાય છે.

મારે અન્ય કોઇ તૃષ્ણા કે આસક્તિ નથી. જે

For Private And Personal Use Only

સ્થિતીમાં છું તેથી વિશેષ કાંઈ આકાંક્ષા નથી. જીવનનિભાવ સિવાય કોઈ બીજી કામના નથી. આત્માનાં શ્રેય સિવાય કોઇ ભાવના નથી. એ સાધના સિવાય બીજી કોઈ કામ નથી. જીવન નિભાવ પણ ન્યાય નિતી ને સત્ય પૂર્વક થાય સ્વાર્થ પરમાર્થ નાં બન્ને સધાય. આત્મા ન છેતરાય અહંભાવ ન પોષાય, દંભ ન સેવાય, સહજભાવે સરળતાપૂર્વક નમ્રતાથી સર્વ આત્માઓ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખી. સૌનું હિત સચવાય એ રીતે જીવન પરમાત્મ પંથે પસાર થાય એવી પરમકૃપાળુ પાસે પ્રાર્થના.

---

# શ્રી મદનમોહન માલવીય: ટુંકો પરિચય

ઈ. સ. ૧૮૬૧ નું વર્ષ ભારત વર્ષ માટે મંગલ વર્ષ હતું. કારણ કે ભારતના ભાવિના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે તેવી ત્રણ વિભૂતિઓનો આ વર્ષમાં જન્મ થયો. આ વિભૂતિઓ હતી– રવિંદ્રનાથ ઠાકુર, મોતીલાલ નહેરુ અને મદનમોહન માલવીય. પ્રથમ વિભૂતિ કવિ અને તત્ત્વ ચિંતક તરીકે ખ્યાતિ પામેલ છે, જ્યારે બીજી બે વિભૂતિઓ પાર્લામેન્ટેરીઅન અને કાર્યદક્ષ માનવી તરીકે પ્રસિદ્ધિ પામેલ છે. તેઓ ત્રણે ભારત રાષ્ટ્રના પુનર્જન્મના તેજસ્વી પ્રતીકો હતા.

ગયા ડિસેમ્બર મહીનાની પચીસમી તારીખે પંડિત મદનમોહન માલવીયજીની જન્મ શતાબ્દિ ઉજવવામાં આવી હતી. જો કે આ શતાબ્દિ ઉત્સવ સંપૂર્ણ સાદાઈથી અને ગૌરવથી ઉજવાયો હતો પરંતુ તેનો અર્થ એમ નથી કે રાષ્ટ્રોત્થાન માટેના તેમના ફાળાનું મહત્ત્વ ઓછું હતું. પંડિત મદનમોહન માલવીયજીએ મહાત્મા ગાંધીજી તખ્તા ઉપર આવે તે પહેલાં જાહેર જીવનમાં અગ્રિમ સ્થાન મેળવ્યું હતું. પોતાના વાક્ચાતુર્યના પ્રભાવથી અને પ્રમાણિકતાથી તેમણે હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના સ્થાપક મી. હ્યુમનું ધ્યાન પોતા તરફ ખેંચ્યું હતું. મહાત્માજીએ ખાદીને મહત્ત્વ આપ્યું તે પહેલાં માલવીયાજીએ ગ્રામોદ્યોગ ઉપર સૌનું ધ્યાન ખેંચ્યું હતું અને સાથો સાથ તેને ગૂંગળાવી નાખવાની બ્રિટિશ સરકારની નીતિ ઉપર આકરી ટીકાઓ કરી હતી. તેઓને નીતિની બાબતમાં પ્રસંગોપાત ગાંધીજી જોડે વિરોધ હોવા છતાં કૉંગ્રેસ તરફની તેમની વફાદારી એક નિષ્ઠાવાળી હતી. કેંદ્રીય ધારાસભામાં રાષ્ટ્રવાદી પરિબળોનો પરચો આ બે વિભૂતિઓ–પંડિત મોતીલાલ નહેરુ અને પંડિત મદનમોહત માલવીયજીએ જ બતાવ્યો હતો.

એક રૂઢિચૂસ્ત હિંદુ હોવા છતાં માલવીયજી ધાર્મિક અંધ શ્રદ્ધા અને વહેમોના વિરોધી હતા. મહાન સમાજ સુધારક હતા. પરંતુ સ્વાતંત્ર્ય પ્રાપ્તિના યુદ્ધમાં અને સમાજ સુધારના ક્ષેત્રમાં પોતાના ફાળા બદલ જ માત્ર તેઓ સ્મરણીય નહિ રહે પણ એક મહાન શિક્ષણ શાસ્ત્રી તરીકે પણ તેઓ સ્મરણીય રહેશે. તેઓ અનેક શિક્ષણ સંસ્થાઓના સ્થાપક હતા અને એ માટે ગરીબ તેમજ તવંગર બંને પાસેથી ફંડ એકઠું કરવાની પણ તેમનામાં અજબ શક્તિ હતી. ઉચ્ચ ધ્યેય માટે કામ કરવામાં અગ્રિમ ઉત્સાહ દાખવવાના તેમના ઉત્સાહનું એક આદર્શ પ્રતીક તરીકે બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય હંમેશને માટે યાદગાર રહેશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ગ્રંથો

## ભગવાનના ચરિત્રો

| | |
|---|---|
| ૧ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર | ૭–૫૦ |
| ૨ શ્રી શાન્તિનાથ ચરિત્ર | ૭–૫૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૨–૫૦ |
| ૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૩–૦૦ |
| ભારે કાગળ | ૧૫–૦૦ |
| ૫ તીર્થંકર ચરિત્ર ચોવીશ તીર્થંકરોના ચરિત્રો તથા ચોવીશ પંચરંગી ચિત્રો સાથે | ૬–૦૦ |

## ચરિત્રો વિગેરે

| | |
|---|---|
| ૬ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨જો | ૨–૦૦ |
| ૭ કથારત્ન કોશ ભા. ૧લો | ૮–૦૦ |
| ૮ ,, ,, ભા. ૨જો | ૬–૦૦ |
| ૯ દમયંતી ચરિત્ર | ૬–૫૦ |
| ૧૦ સંઘપતિ ચરિત્ર | ૬–૫૦ |
| ૧૧ શ્રી વિજયાનંદસૂરિ (શા. સુશીલ) | ૦–૫૦ |
| ૧૨ વસુદેવ હિંડી [ગુજરાતી ભાષાંતર] | ૧૫–૦૦ |

## પૂજા અને કાવ્ય

| | |
|---|---|
| ૧૩ આત્મવલ્લભ પૂજાસંગ્રહ | ૩–૦૦ |
| ૧૪ ચૌદ રાજલોક પૂજા | ૦–૨૫ |
| ૧૫ નવાણું અભિષેક પૂજા | ૦–૨૫ |
| ૧૬ વીશ સ્થાનકપૂજા (અર્થવાળી) | ૧–૨૫ |
| ૧૭ સમ્યગ્ દર્શન પૂજા | ૦–૨૫ |
| ૧૮ ચારિત્રપૂજાદિ ત્રયી સંગ્રહ | ૦–૬૫ |
| ૧૯ જૈન ઐતિહાસિક કાવ્ય-સંગ્રહ | ૨–૭૫ |
| ૨૦ ધર્મકૌશલ્ય | ૧–૭૫ |
| ૨૧ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૨૨ કુમાર વિહારશતક | ૦–૭૫ |
| ૨૩ ચૈત્યવંદન સમીક્ષા | ૫–૦૦ |
| ૨૪ સજ્ઝાયમાળા (ભીમશી) | ૪–૫૦ |
| ૨૫ આત્મકાન્તિ પ્રકાશ | ૦–૫૦ |

## તત્ત્વ અને હિતોપદેશાદિ

| | |
|---|---|
| ૨૬ તત્વનિર્ણયપ્રાસાદ | ૧૦–૦૦ |
| ૨૭ જૈન તત્વસાર | ૧–૦૦ |
| ૨૮ ધર્મબિન્દુ (આવૃત્તિ બીજી) | ૩–૮૦ |
| ૨૯ આચારોપદેશ | ૧–૦૦ |
| ૩૦ અનેકાન્ત (ગુજરાતી) | ૧–૦૦ |
| ૩૧ ,, (ઇંગ્લીશ) | ૨–૦૦ |
| ૩૨ નમસ્કાર મહામંત્ર | ૧–૦૦ |
| ૩૩ જૈન ધર્મ | ૧–૦૦ |
| ૩૪ જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર | ૧–૦૦ |
| ૩૫ પંચ પરમેષ્ઠી ગુણ રત્નમાળા | ૧–૫૦ |
| ૩૬ પ્રકરણ પુષ્પમાળા ભા. ૨જો | ૧–૫૦ |
| ૩૭ શ્રમણ સંસ્કૃતિ | ૪–૭૫ |
| ૩૮ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ | ૧–૫૦ |
| ૩૯ જ્ઞાનપ્રદીપ ભા. ૧લો | ૪–૦૦ |
| ૪૦ ,, ભા. ૨જો | ૪–૦૦ |
| ૪૧ ,, ભા. ૩જો | ૨–૦ |
| ૪૨ આત્માનંદ જન્મશતાબ્દિ અંક | ૨–૫૦ |
| ૪૩ સાધુ-સાધ્વી આવશ્યક સૂત્ર દેવનાગરી લીપીમાં | ભેટ |
| ૪૪ ,, ગુજરાતી લીપીમાં | ,, |

તા. ક. ઉપરના ગુજરાતી ગ્રંથો મંગાવનારને એકસો ઉપર ૨૦ ટકા કમીશન કાપી આપવામાં આવશે.

લખો — શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર (સૌરાષ્ટ્ર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Reg. No 431

# વિ 卐 વે 卐 ક

ઝાકળના બિંદુનું રૂપ તો કાંઈ નથી. પણ એ જ્યારે કમળના પાંદડાં પર પડ્યું હોય છે, ત્યારે તો એ સાચા મોતીની રમ્યતા સર્જતું હોય છે. તેમ વાણીને વર્તનનું એમ તો કાંઇ મૂલ્ય નથી, પણ વિવેક વાપરવાથી એનું મૂલ્ય અનેકગણું વધી જાય છે.

આવનાર અતિથિ માટે બધી સગવડતા સાચવી હોય, દરેક રીતે તૈયારી કરી હોય પરંતુ કોઇ પણ એક વસ્તુની જરાકે ખામી રહી ગઈ હોય, તો બધી તૈયારીઓ અને અને સાચવેલી સગવડો વ્યર્થ જાય છે એમ કોણ નથી જાણતું ? છતાં આપણે જોઇશું તો જાણવા મળશે કે જીવન પંથના ઘણા ખરા મુસાફરો માત્ર એક વિવેકની ઊણપને લઇને જીવનમાં નિરાશા અનુભવતા હોય છે.

ધાર્મિક ઉત્સવ શું કે આધ્યાત્મિક ચિન્તન શું, સામાજિક પ્રવૃત્તિ શું કે રાષ્ટ્રીય ક્રાન્તિ શું—આ બધી પ્રવૃત્તિઓ વિવેક માગે છે, વિવેકના અભાવે આ વસ્તુઓ જળ-વિહોણા સરોવર જેવી બની જાય છે. જેને વિવેકનો ચીપિયો મળી આવે છે તે ગમે તેવી વસ્તુને પણ એ ચીપિયાથી ઉપાડી સમયને અનુરૂપ બનાવી શકે છે. પણ જેને ચીપિયો મળ્યો નથી, એ ગમે તેટલી પ્રવૃત્તિ કરે તો પણ એ પરિમલ વિનાના પંકજ જેવી જ ગણાય. વસ્તુ દેખાય ઘણી, પણ એમાં સત્ત્વ કાંઇ ન હોય.

એટલે જ વિવેકી માણસો દુનિયામાં ધમાલ ભરેલા શબ્દો કરતા અર્થ ભરેલા કાર્ય તરફ વધારે લક્ષ આપતા હોય છે. એ જેમ કાર્ય કરતા જાય તેમ એમાંથી સુવાસ પ્રગટતી જાય. અને કાર્યની સુવાસ જ્યારે બોલે છે ત્યારે એની આગળ માણસની વાચા સાવ પામર લાગે છે.

પણ અવિવેકી માણસો તો બોલવાને બહુ મહત્ત્વ આપતા હોય છે. એ તો એમ જ માનતા હોય છે કે વાચાળતાથી જ આ જગતનો રથ અવિરતપણે ચાલે છે, પણ અર્થહીન અને વિવેકહીન વાચાથી અનર્થની હારમાળા ઊભી થાય છે, એ એમના ધ્યાનમાં નથી આવતું.

—મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only